ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, **ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૫૫/૨૨–૨૩/ 4166 તારીખ : 27 DEC 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી સુરેશભાઈ લવજીભાઈ ઝાલા,**
**જૈન સ્કુલ નં–૯ ની બાજુમાં,**
**એમ.જી.રોડ,**
**મું.જોરાવરનગર,**
**જી.સુરેન્દ્રનગર–૩૬૩ ૦૨૦.**

કેસ નં.૫૫/૨૨–૨૩

**મો.નં– ૯૭૧૨૩ ૨૬૫૩૯**

**વિષય : ઘર વપરાશના કનેકશનનું જોડાણ ન કાપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૩/૧૦/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૦/૧૦/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૫/૨૨–૨૩/૩૨૮૧ તા.૧૧/૧૦/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૫/૨૨–૨૩/૩૯૦૧ તા.૦૭/૧૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૪/૧૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **જોરાવરનગર.**

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૫/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી સુરેશભાઈ લવજીભાઈ ઝાલા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૪/૧૨/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી ઝાલા હરસિધ્ધિબેન સુરેશભાઈ (વાદી ના પુત્રી)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, પેટા વિભાગીય કચેરી, જોરાવરનગર (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સુરેશભાઈ લવજીભાઈ ઝાલા, મું.જોરાવરનગર, જી.સુરેન્દ્રનગરની ઘર વપરાશના કનેકશનનું જોડાણ ન કાપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૫/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૫/૨૨–૨૩/૩૨૮૧ તા.૧૧/૧૦/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૪/૧૨/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી વતી તેમના પુત્રી શ્રી ઝાલા હરસિધ્ધિબેન સુરેશભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, પેટા વિભાગીય કચેરી, જોરાવરનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી સુરેશભાઈ લવજીભાઈ ઝાલા, રહેઠાણઃ જોરાવરનગર ના પિતાશ્રી લવજીભાઈ અમશીભાઈ જોરાવરનગર પેટા વિભાગીય કચેરી ખાતે ગ્રાહક નં.૨૪૬૦૨/૦૦૮૯૨/૫ થી ૦.૫ કી.વો નું ઘર વપરાશ ટેરીફ નું વીજ કનેકશન તા. ૨૨/૫/૨૦૦૬ થી ધરાવે છે.

૧.૨ વાદી ની રજુઆત છે કે, મારા પિતાશ્રી લવજીભાઈ અમશીભાઈ ના નામે વીજ બીલ આપવામાં આવે છે જે મારા પિતાશ્રી હાલ હયાત નથી. જેનું વીજ બીલ નીયમીત રીતે હું ભરપાઈ કરૂં છું. છેલ્લા ૪ વર્ષ થી બીજી જગ્યાએ રહેવા ગયેલ હોવાથી વીજ વપરાશ નહીવત છે અને મકાન પણ બંધ છે. મને છેલ્લું વીજ બીલ જુલાઈ–ઓગસ્ટ–૧૯ નું તા. ૧૩/૦૯/૨૦૧૯ ના રોજ મળેલ હતું. ત્યારબાદ કોઈ બીલ મળેલ નથી.

૧.૩ કોરોનાની મહામારી ના કારણે બંધ મીટરનો મીનીમમ ચાર્જ ભરી શકેલ નથી અને મારા ઘરે લાઈટ કનેકશન ચાલુ છે તેમ જણાવે છે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૧.૪ વાદી જણાવે છે કે, જુન–૨૦૨૨ માં મારા ઘરે મીટર ઉતારવામાં આવેલ હતા જે બાબતે જાણકારી મળતા વીજ કચેરી માં પુછપરછ કરતા જણાવેલ કે, તમારૂં કનેકશન " Y " પી.ડી.સી.થઈ ગયેલ છે. તમારે નવું વીજ જોડાણ લેવું પડે તેમ વીજ કચેરી દ્વારા જણાવે છે. મારૂં મીટર કેન્સલ કરવા માટે એક પણ નોટીસ મળેલ નથી.આમ, નોટીસ આપ્યા વગર વીજ કનેકશન રદ કરેલ છે તે દુખદ છે.

૧.૫ મારા ઘરે મીટર હોવા છતાં કોઈ નોટીસ આપ્યા વગર કેન્સલ કરેલ છે મારી બાકી રહેલ રકમ પેટે તા.૧૩/૬/૨૦૨૨ ના રોજ રૂા.૧૦૦૦/– ભરેલ છે.

૧.૬ આમ, ઉપરોકત રજુઆતને ધ્યાને લઈ અમોને ન્યાય આપી વીજ બીલ ફરીથી ચાલુ થાય તે બાબતે વ્યવસ્થા કરવા જણાવે છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદી શ્રી સુરેશભાઈ લવજીભાઈ ઝાલા,રહેઠાણ–જોરાવરનગર તેમના પિતાશ્રી લવજીભાઈ અમરશીભાઈ ના નામે જોરાવરનગર પેટા વીભાગીય કચેરી ખાતે ગ્રાહક નંબર–૨૪૬૦૨/૦૦૮૯૨/૫ થી ૦.૫ કી.વો.નું ઘર વપરાશ ટેરીફનું વીજ કનેકશન તા.૨૨/૦૫/૨૦૦૬ થી ધરાવે છે.

૨.૨ વાદી દ્વારા નવેમ્બર–ડીસેમ્બર–૧૮ બીલ્ડ ઈન જાન્યુઆરી–૧૯ ના સમયગાળા નું વીજ બીલ તા.૧૭/૦૧/૨૦૧૯ ના રોજ રૂા.૨૦૯/૬૭ નું આપેલ જે વીજ બિલ રૂા.૨૦૦/– તા.૨૬/૦૩/૨૦૧૯ ના રોજ ભરેલ હતું.

૨.૩ વાદી દ્વારા ત્યારબાદ ના ૪(ચાર) વીજ બીલ ની રકમ ભરવામાં આવેલ ન હતી. પછીના બે બીલ નીયમ મુજબ ઘર બંધ હોય લોકના આપેલ હતા.તે તમામ બીલ ની રકમ વાદીએ ભરેલ નહી હોવાથી માહે નવેમ્બર–ડીસેમ્બર–૧૯ બીલ્ડ ઈન જાન્યુઆરી–૨૦૨૦ ના આપેલ વીજ બીલ માં કુલ રૂા.૧૨૫૫/૩૦ બાકી રહેલ હતા.

૨.૪ દરેક વીજ બીલમાં ગ્રાહકને બાકી રહેલ વીજ બીલ ભરવા માટે નોટીસ છાપીને આપવામાં આવે છે,જેમાં જણાવેલ છે કે, જો સદર વીજ બીલ દિવસ–૧૫ માં નહી ભરવામાં આવશે, તો વીજ પુરવઠો બંધ કરવામાં આવશે. જેથી અલગથી નોટીસ આપવાની જરૂરીયાત રહેતી નથી.

૨.૫ સદર રકમ રૂા.૧૨૫૫/૩૦ બાકી રહેલ હોવાથી વીજ કર્મચારી દ્વારા તા.૧૮.૦૩.૨૦૨૦ ના રોજ કનેકશનની સર્વિસ કાપવામાં આવેલ હતી. જેનો ગેટ પાસ ટેકનીકલ વિભાગ દ્વારા બિલીંગ વિભાગમાં આપતા કંપનીના નીયમ મુજબ માર્ચ–૨૦૨૦ માં એલ.ટી.બિલીગ સીસ્ટમ માં " Y " કરી પી.ડી.સી કરવામાં આવેલ છે. ગેટ પાસ ની નકલ આ સાથે સામેલ છે. સદર ગ્રાહકનું મીટર સ્થળ પર ઉતારવાનું બાકી હોય વીજ કર્મચારી જયારે મીટર ઉતારવા સ્થળ પર ગયેલ ત્યાર પછી ગ્રાહક દ્વારા વીજ બીલ પેટે રૂા.૧૦૦૦/– તા.૧૩/૦૬/૨૦૨૨ ના રોજ ભરેલ છે. આમ, સદર વીજ કનેકશન કંપનીના નિયમ મુજબ તા.૧૮.૦૩.૨૦૨૦ ના રોજ ગ્રાહકની રકમ બાકી હોવાથી, પી.ડી.સી. કરવામાં આવેલ છે.જે આપ સાહેબની જાણ સારૂં.

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી સુરેશભાઈ લવજીભાઈ ઝાલા, જોરાવરનગર ખાતે ૨૪૬૦૨/૦૦૮૯૨/૫ થી RGPR કનેકશન ધરાવે છે. તેમજ પ્રતીવાદી ની કચેરી દ્વારા કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર મામુલી રકમ બાકી હોવા છતાં આફીસ રેકર્ડમાં " Y " સ્ટેટસ આપી કેન્સલ કરેલ હોવા અંગેની રજુઆત ફોરમને કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૪/૧૨/૨૦૨૨ ની સુનાવણીમાં વાદીનાં પુત્રી ઝાલા હરસિધ્ધિબેન સુરેશભાઈ વાદી વતી હાજર રહી પ્રતિનિધિત્વ કરેલ છે અને વધુ મૌખિક તેમજ લેખિત રજુઆત કરેલ છે. પ્રતિવાદી પણ હાજર રહેલ છે મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરેલ છે.

૩.૩ ફોરમ સમક્ષ રજુ થયેલ રેકર્ડ, દસ્તાવેજો તેમજ રજુઆતોને ફોરમે ધ્યાને લીધેલ છે. વાદી ના પ્રતિનિધિ દ્વારા સદરહુ વિવાદીત કનેકશનનું મીટર પાવર ચાલુ હોઈ, કનેકશન ચાલુ જ હોવા બાબતે ફારમ ને સુનાવણીમાં જાણ કરેલ છે.

૩.૪ આ તબકકે ફોરમને જણાય છે કે, પ્રતીવાદીએ વાદી ની મીટર–પાવર કનેકશન ચાલુ હોવા અંગેની બાબતની ખરાઈ કરી, પાવર ,મીટર ચાલુ હોઈ તેવા સંજોગોમાં વાદી પાસેથી બાકી લ્હેણાં તેમજ " Y " સ્ટેટસ દરમ્યાનના સમયગાળા ના કંપનીના નીયમો મુજબની મીનીમમ રકમ વસુલી " Y " ટુ " NORMAL " કનેકશન કરવા માટેની તાત્કાલીક કાર્યવાહી કરવી. તેમજ ત્યારબાદ, નીયમીત અંતરે વાદીને બીલો આપવા.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૪/૧૨/૨૦૨૨.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.